જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૩૧/૧૦/૨૦૧૪ શુક્રવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી ૨૬૭૯/૧૪**

**" રીઢા ચેઇન સ્નેચરો ઉવેશ શેખ તથા જાવેદ શેખ નાઓને લુટેલી બે સોનાની ચેઇન તથા લુંટમાં ઉપયોગ કરેલ મોટર સાયકલ સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ"**

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા માટે નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુક્લા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી સાહેબનાઓએ આપેલ સુચના અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચ ના પો.ઇન્સ.શ્રી આર.બી.રાણા તથા પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા તથા પો.સ.ઇ. શ્રી એચ.પી.કરેણ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમાં હતા દરમ્યાન ઘી કાટા ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કોન્સ.મહંમદશાહીલ શબ્બીરમીયા નાઆને મળેલ બાતમી આધારે આરોપીઓ મોહમંદ ઉવેશ S/o ગુલામમયુદીન શેખ રહેઃ અબ્દુલ રજાકના રોઝા પાસે, દરીયાપુર, તથા મોહંમદ જાવેદ S/o હુશૈનમીયા શેખ રહે. હકીમજી ની ચાલી, દાંડીયાવાડ, દરીયાપુર નાઓએ ચેઇન સ્નેચીંગ કરી લુંટ માં મેળવેલ સોનાની બે ચેઇનો તથા ગુન્હો કરતી વખતે ઉપયોગ કરેલ હિરો હોન્ડા હંક મોટર સાયકલ સાથે મળી કુલ્લે કિ.રુ.૧,૦૦,૦૦૦/-ના મુદ્દામાલ સાથે ઝડપી લઇ કાગડાપીઠ તથા મણીનગર પોલીસ સ્ટેશનના ગુન્હાઓ ડીટેક્ટ કરેલ છે પકડાયેલ આરોપીઓ ગુનાહીત ભુતકાળ ધરાવે છે અને ચેઇન સ્નેચીંગ કરવાની ટેવ વાળા છે. આરોપીઓ પૈકી મોહમદ ઉવેશ રીઢો ચેઇન સ્નેચર છે અને અગાઉ માધવપુરા, ઇશનપુર, ગોમતીપુર, એલીસબ્રીજ, શાહપુર, દરીયાપુર તથા નવરંગપુરા એમ કુલ્લે સાત પોલીસ સ્ટેશનમાં પકડાયેલ છે.તથા જાવદ શેખ નાનો ખાડીયા તેમજ મણીનગર પોલીસ સ્ટેશનમાં ચેઇન સ્નેચીંગના તેમજ મોબાઇલ ચોરી ના ગુન્હામાં પકડાયેલ છે અને એક વખત પાસા પણ ભોગવી ચુકેલ છે.પ્રાથમિક પુછપરછ દરમ્યાન તેઓના મોજ શોખ પુરા કરવા સારુ ચેઇન સ્નેચીંગ કરતા હોવાનુ આરોપીઓ જણાવેલ છે.જેઓની વધુ પુછપરછ ચાલુ છે વધુ ચેઇન સ્નેચીંગના ગુન્હોઓ ઉકેલાઇ તેમ છે.

**" અગાઉ પાસા હેઠળ જેલ ભોગવી ચુકેલ ઓટો રીક્ષામાં પેસેન્જર બેસાડી પેસેન્જરોના માલ સામનની ચોરી કરતી ગેંગનો સાગરીત ઉમેશ કોષ્ટીને ચોરી ના મોબાઇલ ફોન સાથે ઝડપી પાડતી ક્રાઇમ બ્રાન્ચ"**

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા માટે નાયબ પોલીસ કમિશ્નરશ્રી હિમાંશુ શુકલા સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એમ.ડી.ચૌધરી સાહેબનાઓએ આપેલ સુચના અનુસંધાને ક્રાઇમ બ્રાન્ચ ના પો.ઇન્સ.શ્રી આર.બી.રાણા તથા પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા તથા પો.સ.ઇ. શ્રી એચ.પી.કરેણ તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીગમાં હતા દરમ્યાન હાટકેશ્ર્વર સર્કલ પાસે આવતા સાથેના પો.કોન્સ.જાવેદખાન યાસીનખાન નાઓએ બાતમી આપેલ જેના આધારે આરોપી ઉમેશ S/o રાજેશભાઇ અમરતભાઇ કોષ્ટી ઉવ.૨૪ રહે. ચાચાનગરની ચાલી, નાગરવેલ હનુમાન રોડ, અમરાઇવાડી, અમદાવાદ શહેર નાને સીમકાર્ડ વગરનો સેમસંગ કંપનીનો ડીયુસીસ મોડલ નં.GTS-7392 જેની કિ.રુ. ૬,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી ઇશનપુર પોલીસ સ્ટેશન ફસ્ટ ગુન્હા રજી નં.૧૭૨/૧૪ ઇપીકો કલમ ૩૭૯ મુજાબનો ગુન્હો ડીટેક્ટ કરેલ છે.સદરી આરોપીની ઘનિષ્ઠ  પુછપરછ કરતાં સદર ચોરી તેને તેના મિત્રો રાકેશભાઇ ઉર્ફે રાકલો દેવીપુજક રહેઃ ચમનપુરા, શાહીબાગ, તથા પુનમભાઇ દેવીપુજક રહેઃ બળીયા લીમડી ચાર રસ્તા ની આગળ, શાહીબાગનાઓ સાથે મળી ચોરી કરેલ હતી.અને તે પોતે તથા તેના સાગરીતો સાથે મળી અમદાવાદ શહેરમાં ઓટો રીક્ષામાં પેસેન્જરો બેસાડી પેસેન્જરોની નજર ચુકવી તેઓના સરસામાનમાંથી ચોરી કરતા હોવાની હકીકત જાણાવ છે વધુ પુછપરછ ચાલુ છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.